# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) સંસદના ચોમાસુ સત્ર પહેલા બંને ગૃહોની કાર્યવાહી સુચારુ રીતે ચાલે તે માટે આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 23 થી 26 તારીખ સુધી બ્રિટન અને માલદીવની મુલાકાતે જશે.

3) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે AAIB ના પ્રારંભિક અહેવાલના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું ઉચિત નથી.

4) ગૃહમંત્રી અમિત શાહે હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતોની તીવ્રતાને ધ્યાનમાં રાખીને બહુ-ક્ષેત્રીય કેન્દ્રીય ટીમ બનાવવાનો નિર્દેશ આપ્યો.

5) યુક્રેને રશિયા સાથે શાંતિ વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

6) પોર્ટુગલ સ્પોર્ટ્સ મીટમાં, ભારતના મુરલી શ્રીશંકરે લાંબી કૂદનો ખિતાબ જીત્યો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW--DAY-MONSOON-SESSION-1

સંસદના ચોમાસુ સત્ર પહેલા બંને ગૃહોની કાર્યવાહી સુચારુ રીતે ચાલે તે માટે સરકારે આજે સર્વપક્ષીય બેઠક યોજી હતી. લોકસભા અને રાજ્યસભામાં વિવિધ રાજકીય પક્ષોનું પ્રતિનિધિત્વ કરતા નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. રાજ્યસભામાં ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ બેઠકની અધ્યક્ષતા કરી.

બેઠકમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગન હાજર રહ્યા હતા. આ ઉપરાંત, કોંગ્રેસના ગૌરવ ગોગોઈ અને પ્રમોદ તિવારી, NCP-SCPના સુપ્રિયા સુલે, DMKના તિરુચી શિવા અને ટી.આર. બાલુ, સમાજવાદી પાર્ટીના રામ ગોપાલ યાદવ, આમ આદમી પાર્ટીના સંજય સિંહે બેઠકમાં હાજરી આપી હતી.

મીડિયા સાથે વાત કરતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બેઠક રચનાત્મક રહી હોવાનું જણાવ્યુ..

(બાઇટ- કિરેન રિજિજુ)

વિપક્ષ દ્વારા ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી અંગે ઉઠવાયેલા મુદ્દા બાબતે તેમણે કહ્યું કે, સરકાર ગૃહમાં આ બાબતે યોગ્ય જવાબ આપશે. ન્યાયમૂર્તિ વર્મા પર મહાભિયોગ અંગે મીડિયાના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે આ પ્રક્રિયા તમામ પક્ષોના સહયોગથી પૂર્ણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે ન્યાયમૂર્તિ વર્માને પદ પરથી દૂર કરવાના પ્રસ્તાવ પર 100 થી વધુ સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે

# NEW--DAY-MONSOON-SESSION-2

બીજી તરફ કોંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓ, પહેલગામ આતંકવાદી હુમલો અને બિહારમાં વિશેષ સઘન સુધારા અંગે ગૃહમાં પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીના નિવેદનની માંગણી કરી હતી.

સંસદનું ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થશે જે 21 ઓગસ્ટ સુધી ચાલશે. સત્ર દરમિયાન, બંને ગૃહોની કુલ 21 બેઠકો થશે. જેમાં જન વિશ્વાસ (સુધારા) વિધેયક 2025, રાષ્ટ્રીય રમતગમત શાસન વિધેયક 2025 અને મર્ચન્ટ શિપિંગ બિલ, 2024 સહિતના મહત્વપૂર્ણ વિધેયકો ચર્ચા અને પસાર કરવા રજૂ કરાય તેવી શક્યતા છે.

# Prime Minister – BRITAIN – Maldives - visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 23 થી 26 તારીખ સુધી બ્રિટન અને માલદીવની મુલાકાત લેશે. શ્રી મોદી બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરના આમંત્રણ પર બ્રિટનમાં રહેશે. આ પ્રધાનમંત્રી મોદીની બ્રિટનની ચોથી મુલાકાત હશે. આ દરમિયાન, તેઓ ભારત-બ્રિટન સંબંધોના તમામ પાસાઓ પર વ્યાપક ચર્ચા કરશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી મોદી માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઇઝ્ઝુના આમંત્રણ પર આ મહિનાની 25 તારીખથી માલદીવની બે દિવસની મુલાકાતે રહેશે. માલદીવની આ પ્રધાનમંત્રીની ત્રીજી મુલાકાત હશે. માલદીવની આઝાદીની 60મી વર્ષગાંઠની ઉજવણીમાં શ્રી મોદી મુખ્ય મહેમાન બનશે. આ દરમિયાન, તેઓ માલદીવના રાષ્ટ્રપતિ સાથે પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે. બંને નેતાઓ 'વ્યાપક આર્થિક અને દરિયાઈ સુરક્ષા ભાગીદારી' માટે ભારત-માલદીવ સંયુક્ત વિઝનના અમલીકરણમાં થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરશે.

# PM-Meghalaya

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રવાસન, યુવા સશક્તિકરણ, સ્વ-સહાય જૂથો, પ્રધાનમંત્રી સૂર્ય ઘર વીજળી યોજના અને વાઇબ્રન્ટ ગામડાઓ જેવા કાર્યક્રમો સાથે મેઘાલયના પરિવર્તનને પ્રકાશિત કરતો એક લેખ શેર કર્યો. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા, શ્રી મોદીએ કહ્યું કે, મજબૂત સરકારી સમર્થન અને ગતિશીલ સમુદાય ભાવના સાથે, મેઘાલય એક સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર ભારત માટે બ્લુપ્રિન્ટ રજૂ કરે છે.

# Naidu-Ahmedabad plane crash

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ કહ્યું કે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો- AAIB ના પ્રારંભિક અહેવાલના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું ઉચિત નથી. અંતિમ અહેવાલ ન આવે ત્યાં સુધી કોઈ ટિપ્પણી કરવી યોગ્ય નથી.

ગાઝિયાબાદના હિંડોન સિવિલ ટર્મિનલથી દસ નવી વાણિજ્યિક ફ્લાઇટ્સનું ઉદ્ઘાટન કરતા, કેન્દ્રીય મંત્રીએ પશ્ચિમી મીડિયાની ટીકા કરી અને કહ્યું કે તેઓ જે પ્રકારના લેખો પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમાં તેમનો સ્વાર્થ હોઈ શકે છે. તેમણે ભારતમાં જ બ્લેક બોક્સને ડીકોડ કરવા બદલ AAIBની પ્રશંસા કરી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશના દસ મુખ્ય શહેરો માટે સીધી હવાઈ સેવાઓ આજથી હિંડોન ટર્મિનલથી શરૂ થઈ ગઈ છે. તેમાં બેંગલુરુ, કોલકાતા, વારાણસી, ઇન્દોર, ચેન્નાઈ, અમદાવાદ, પટના, ગોવા અને મુંબઈનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Home Minister-Himachal Pradesh

ગૃહમંત્રી અમિત શાહે હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતોની તીવ્રતાને ધ્યાનમાં રાખીને એક બહુ-ક્ષેત્રીય કેન્દ્રીય ટીમ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્રીય ટીમમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને રૂરકીની સેન્ટ્રલ બિલ્ડીંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પુણેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મીટીરોલોજી, અને ઇન્દોરના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભૂસ્તરશાસ્ત્રીઓનો સમાવેશ થશે.

ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે આ વર્ષે દક્ષિણ પશ્ચિમ ચોમાસા દરમિયાન હિમાચલ પ્રદેશમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે પહેલાથી જ સ્થળ પર સીધા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક આંતર-મંત્રી કેન્દ્રીય ટીમની નિમણૂક કરી છે.

# ukraine russia dialogue

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા સાથે શાંતિ વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેનો ઉદ્દેશ્ય તણાવ ઘટાડવાનો છે. યુક્રેનની રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ પરિષદના તાજેતરમાં નિયુક્ત સચિવ રૂસ્તેમ ઉમેરોવે આ પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ઇસ્તંબુલમાં રશિયા સાથેની વાટાઘાટોમાં યુક્રેનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. શ્રી ઉમેરોવનો આ પ્રસ્તાવ હિંસા વધ્યા પછી આવ્યો છે.

રશિયાના નાયબ વિદેશમંત્રી સર્ગેઈ રુઆબકોબે પણ વાતચીતનું આહવાહન કર્યું છે.

# long jump title

પોર્ટુગલ સ્પોર્ટ્સ મીટમાં, ભારતના મુરલી શ્રીશંકરે લાંબી કૂદનો ખિતાબ જીતી લીધો છે. એશિયન ગેમ્સના રજત ચંદ્રક વિજેતા મુરલીએ ગઈકાલે 7.75 મીટર લાંબી છલાંગ ભરી હતી. પોલેન્ડના પીઓટર ટાર્કોવસ્કી બીજા સ્થાને અને ઓસ્ટ્રેલિયાના ક્રિસ મિત્રેવસ્કી ત્રીજા સ્થાને રહ્યા.

# REV-INDONESIA-FERRY-FIRE

ઇન્ડોનેશિયામાં, આજે ઉત્તર સુલાવેસી પ્રાંતના દરિયાકાંઠે એક જહાજમાં આગ લાગતાં ત્રણના મોત થયા છે. આ દુર્ઘટનામાં લગભગ 150 લોકોને બચાવી લેવાયા છે. આશરે 280 લોકોને લઈ જઈ રહેલ જહાજમાં માનાડો નજીક આગ લાગી હતી. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સ્થાનિક માછીમારોની સાથે મળીને શોધ અને બચાવ ટીમોએ લોકોને બહાર કાઢ્યા હતા.

# RUSSIA-EARTHQUAKE

રશિયાના કામચાટકા દ્વીપકલ્પ પ્રદેશમાં 7.4ની તીવ્રતાના શક્તિશાળી આંચકા સહિત ભૂકંપના 5 આંચકા અનુભવાયા. અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, સૌથી મોટો ભૂકંપનો આંચકો 20 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો જેનું કેન્દ્રબિંદુ પેટ્રોપાવલોવસ્કથી 144 કિલોમીટર પૂર્વમાં નોંધાયું હતું. પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રએ શરૂઆતમાં સુનામીની સંભાવના અંગે ચેતવણી આપી હતી. જોકે હવે સુનામીના મોજાથી કોઈ ખતરો નથી.

# delhi-police-narcotics

દિલ્હી પોલીસની ગુના શોધક શાખાએ માદક પદાર્થોની દાણચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે 3 મોટા દાણચોરોની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે આ કાર્યવાહીમાં તેમણે ચારસો કિલોગ્રામથી વધુનો માદક પદાર્થ જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત લગભગ બે કરોડ રૂપિયા થાય છે.

# ODISHA AIIMS DELHI

ઓડિશાના પુરીના બાલંગામાં આગમાં ઘાયલ થયેલી 15 વર્ષની છોકરીને નવી દિલ્હીની ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)માં દાખલ કરવામાં આવી છે. એક નિવેદનમાં, એઈમ્સે જણાવ્યું હતું કે છોકરીને બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી બ્લોકના આઈસીયુમાં દાખલ કરવામાં આવી છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે દર્દીની હાલત ગંભીર છે અને તેને ઓક્સિજન પર રાખવામાં આવ્યો છે. ડોકટરોની એક ટીમ તેની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઇકાલે કેટલાક બદમાશોએ 15 વર્ષની સગીર છોકરીને જીવતી સળગાવવાનો પ્રયાસ કર્યો હતો.